**DATE: 29/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### 12મી જૂન 2018માં કંપનીની પાછળ ખૂની ખેલ ખેલાયો હતો : પોલીસ જવાન પણ ઘવાયો હતો

# ઝઘડિયાની આરતી કંપનીમાં ગાર્ડની હત્યા કરી લૂંટ ચલાવનારી પડાલની ટોળકીના 10ને આજીવન કેદ

## અંકલેશ્વરની કોર્ટે ચુકાદામાં કહ્યું : આ ગંભીર ગુનો હોવાના કારણે હળવાશથી લઇ શકાય જ નહિ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર-ઝઘડિયા

ઝઘડિયા જીઆઇડીસીમાં આવેલી આરતી ઇન્ડસ્ટ્રીઝમાં 12મી જૂન 2018ના રોજ સિક્યુરીટી ગાર્ડની હત્યા તથા પોલીસ કોન્સટેબલ સાથે ઝપાઝપી કરવાના ગુનામાં 10 આરોપીને અંકલેશ્વરની કોર્ટે આજીવન કેદની સજા ફટકારી છે. બનાવની હકીકત એવી છે કે, ગત 12 જૂન 2018 રોજ આરતી ઇન્ડસ્ટ્રીઝ કંપનીમાં રાત્રિના સમયે 10 થી 12 તસ્કરોની ટોળકી સ્ટીલના પાઇપની ચોરી કરીને ભાગી રહી હતી. કંપનીના સિક્યુરીટી વિભાગમાં કામ કરતા અંકિત યોગી તથા અન્ય કર્મચારીઓ તસ્કરોનું પગેરૂ શોધવા નીકળ્યાં હતાં. ચોરીની જાણ કરવામાં આવી હોવાથી ઝઘડિયા પોલીસ પણ સ્થળ પર આવવા નીકળી હતી. સિક્યુરીટી ગાર્ડ અને પોલીસની ગાડી ભેગી થઇ જતાં શોધખોળ શરૂ કરાઇ હતી. કંપનીની પાછળના ભાગે ઝાડીઝાંખરામાં 3 બાઇક લોક કરેલી હાલતમાં મળી હતી. આ સમયે તસ્કરોએ મારક હથિયારો સાથે સિક્યુરીટી ગાર્ડ પર હૂમલો કરતાં રામપ્રકાશ પાલને ગંભીર ઇજા થતાં તેનું સ્થળ પર જ મોત થયું હતું. તસ્કરો જશવંત નામના પોલીસ કોન્સટેબલ સાથે ઝપાઝપી કરી તેમનો ફોન ખૂંચવીને નાસી છુટયાં હતાં. બનાવની ફરિયાદ ઝઘડિયા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાતા આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. આ કેસ અંકલેશ્વરના બીજા સત્ર અધિક ન્યાયાધીશ સંજય પાંન્ડેયની સમક્ષ ચાલી જતાં તેમણે વધારાના સરકારી વકીલ સી.બી.મોદીની દલીલો માન્ય રાખી 10 આરોપીને આજીવન કેદની સજા ફટકારી છે. તમામ આરોપી ઝઘડિયા તાલુકાના પડાલ ગામના રહેવાસી છે.




### ક્યાં આરોપીને સજા કરવામાં આવી

- જીજ્ઞેશ વસાવા • રાહુલ વસાવા
- પંકજ વસાવા • રાકેશ વસાવા
- સંજય વસાવા • સુરેશ વસાવા
- સુરેન્દ્ર વસાવા • હસમુખ વસાવા
- હિતેશ વસાવા • દિનેશ વસાવા

### આરોપીઓની ઓછી સજાની માગ કોર્ટે ફગાવી

આરોપીઓની આર્થિક સ્થિતિ સારી નહિ હોવાથી ઓછામાં ઓછી સજા કરવામાં આવે તેવી બચાવ પક્ષે માગ કરી હતી પણ ગંભીર પ્રકારનો લૂંટ સાથે સપરાધ મનુષ્ય વધનો બનાવ હોવાનું કોર્ટે અવલોકન કરીને કડક સજા કરી છે.

### બાઇક પોલીસ સ્ટેશન મોકલતી વેળા હુમલો થયો

પોલીસ અને સિક્યુરીટીની ટીમને કંપનીની પાછળના ભાગે ત્રણ બાઇક લોક કરેલી હાલતમાં મળતાં તેને પોલીસ સ્ટેશન મોકલવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. તે સમયે તસ્કરોએ હુમલો કર્યો હતો.

**DATE: 29/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### એસએસટી તથા પોલીસની કાર્યવાહી, જંબુસરના ડ્રાઇવરની અટકાયત

# આમોદથી આવતી વાનમાંથી ચેકીંગ ટીમને ગૌવંશના અવશેષો મળી આવ્યાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

લોકસભાની ચૂંટણીને લઈને શહેર જિલ્લાના મુખ્યમાર્ગો પર એસએસટીની ટીમો દ્વારા વાહન ચેકિંગ કરાઈ રહ્યું છે. ત્યારે જંબુસર તાલુકા પંચાયતના ગ્રામ સેવક પ્રણવ પટેલ તેમજ અન્ય પોલીસ કર્મીઓની ટીમ જંબુસર-આમોદ રોડ પર સેન્ટર પ્લાઝા સર્કલ પર વાહન ચેકિંગમાં હતાં. તે વેળાં એક મારૂતિવાન આવતાં ટીમેતેને રોકી તલાશી લેતાં લેતાં તેમાં બે મિણિયા થેલાં મળી આવ્યાં હતાં. ટીમે તેમાં તપાસ કરતાં એક



મિણિયા થેલામાં ગૌવંશના બ ેસિંગડા તેમજ હોજરી મળી આવી હતી. જેનું વજન કરાવતાં 10 કિલો થયું હતું. ઉપરાંત બીજા થેલાં ગૌવંશનું ચામડું મળી આવ્યું હતું જેનું વજન કરતા 20 કિલો થયું હતું. પ્રાથમિક તબક્કે જ તમામ અવશેષો ગૌવંશની કતલ કરી તાજુ જ લઈને આવતાં હોવાનું લાગી રહ્યું હતું. વાન ચાલકને પુછતાં તેનું નામ મહંમદ ઈશાક મહંમદ ઉસ્માન કુરેશી (રહે. ભાગલીવાડ, ખાતકીવાડ, જંબુસર) હોવાનું જણાવ્યું હતું. ઉપરાંત તેણે કબુલ્યું હતું કે, જંબુસરના પાંચહાટડી ખારાકુવા મસ્જીદ પાસે રહેતાં જાબીર તેમજ ખાનપુર ખાતે રહેતાં સાદિક ડોણીયા પાસેની તેણે 150 રૂપિયામાં અવશેષો ખરીદી કરી લઈ જઈ રહ્યો હતો. પોલીસે ત્રણેય વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 29/04/2024 CATEGORY: GREEN E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પોલીસની નાકાબંધી વચ્ચે પણ દારૂની થતી હેરાફેરી

# અંકલેશ્વરમાં ઘરમાંથી 540 બોટલ મળી, બૂટલેગર ફરાર

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને પોલીસે બુટલેગરો સામે તવાઈ બોલાવી દીધી છે. મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ગોઆ, હરિયાણા, પંજાબ સહિતના રાજ્યોમાંથી ગુજરાતમાં ઘુસાડવામાં આવતાં દારૂ પર પોલીસની નાકાબંધીના કારણે રોક લાગી ચુકી છે. ગુજરાતમાં સડક તથા જળ એમ બંને માર્ગે આવતો દારૂ બંધ થઈ ગયો છે તેવામાં ભરૂચ એલસીબીએ અંકલેશ્વરના રામદેવનગરમાંથી દારૂનો જથ્થો ઝડપી પાડયો છે. રામદેવ નગર ખાતે કુખ્યાત બુટલેગર હરેશ પ્રભુવસાવાએ દારૂનો જથ્થો સંતાડી રાખ્યો હોવાની માહિતી એલસીબીની ટીમને મળતાં દરોડો પાડવામાં આવ્યો હતો. જેમાં મકાનમાં સંતાડેલી દારૂની નાની-મોટી 540 બોટલ મળી આવી હતી. જો કે બુટલેગર હાજર નહિ હોવાથી તેને વોન્ટેડ જાહેર કરાયો છે. 1.10 લાખનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

**DATE: 30/04/2024 CATEGORY: GREEN E-PAPER DIVYABHASKAR PAGE-01**

### પ્રાંત કચેરી ખાતે 500થી વધારે પોલીસકર્મીઓએ મત આપ્યાં

# ભરૂચમાં પોસ્ટલ બેલેટથી મતદાન શરૂ એક કર્મીને મત આપતાં 5 મિનિટ લાગી

## ચૂંટણીની કામગીરીમાં જોડાવાના હોવાથી પહેલાં મતદાન

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ



આગામી તારીખ 7મી મેના રોજ થનારી લોકસભાની ચૂંટણીની કામગીરીમાં જોડાનારા પોલીસ અને સરકારી કર્મચારીઓ માટે પોસ્ટલ બેલેટથી મતદાનની સોમવારથી શરૂઆત કરવામાં આવી હતી. ભરૂચ સહિતની તમામ 7 વિધાનસભા બેઠકો ખાતે મતદાન માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી.

ભરૂચ વિધાનસભા મત વિસ્તારના મતદાનનું એસડીએમ કચેરી ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. એસડીએમ કચેરી ખાતે રાજયની તમામ 26 લોકસભા બેઠકો માટેના બેલેટ પેપરને ચાર ટેબલ પર વહેંચી દેવાયાં હતાં. જે તે લોકસભા મત વિસ્તારના પોલીસ કર્મચારી તેમનું બેલેટ પેપર મેળવીને બીજા ટેબલ પર જતા હતાં જયાં તેમની ફોર્મ ભરવાની કાર્યવાહી પૂર્ણ કરાતી હતી. બાદમાં મતદાન કરી બેલેટને કવરમાં મુકીને તેને સંલગ્ન અધિકારીને આપવામાં આવતું હતું.

એક મતદારને મત આપવા માટે લગભગ 5 મિનિટનો સમય લાગ્યો હતો. દિવસ દરમિયાન 500થી વધારે પોલીસકર્મીઓએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જિલ્લામાં હજી બે દિવસ સુધી પોસ્ટલ બેલેટથી મતદાની કામગીરી કરાશે.

### દરેક મત સશક્ત ભારત નિર્માણનો પાયો છે

આગામી 7મી મેના રોજ યોજનારી લોકસભાની સામાન્ય ચૂંટણીમાં ભરૂચ સંસદીય મતવિસ્તારના તમામ મતદારોએ મતદાન કરી લોકશાહીના આ મહાપર્વને મનાવવો જોઈએ. એક એક વ્યક્તિનો મત કિંમતી છે. દરેક મત સશક્ત ભારતના નિર્માણનો પાયો છે. ભારતને મજબુત બનાવવા દરેકે પોતાની નૈતિક જવાબદારી નિભાવવી જરૂરી છે. » મયુર ચાવડા, એસપી, ભરૂચ.

**DATE: 30/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ચૂંટણીને લઇ નાણાંકિય હેરાફેરી રોકવાનો પ્રયાસ

# ભરૂચ હાઈવે પર એસએસટીની ટીમ દ્વારા ચુસ્ત વાહન ચેકિંગ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેર જિલ્લામાં લોકસભાની ચૂંટણીને લઈને જિલ્લા વહિવટી તંત્ર દ્વારા સ્ટેટીક સર્વેલન્સ ટીમો બનાવવા આવી છે. જેઓ દ્વારા શહેર જિલ્લાના તમામ મુખ્ય દ્વારો પર ખાસ ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે.

ચૂંટણીના માહોલમાં મતદારોને રિઝવવા માટે પાર્ટીઓ દ્વારા રૂપિયાની લ્હાણી કરાવાતી હોય છે. ત્યારે ભરૂચ શહેર જિલ્લામાં ગેરકાયદે રીતે રૂપિયા હેરાફેરી ન થાય તેના પર બાજ નજર રાખવામાં આવી રહી છે. જેના માટે વહિવટી તંત્રએ ખાસ સ્ટેટીક સર્વેલન્સ ટીમો બનાવાઈ છે.

જેઓ મુખ્ય માર્ગો પર ચેકિંગ કરી રહ્યું છે. ભરૂચના ઝાડેશ્વર ચોકડી પાસે ટીમો દ્વારા શહેરમાં આવતા વાહનોને રોકી ચેકિંક કરવામાં આવી રહ્યું છે. નોંધનિય છે કે, અત્યાર સુધી જિલ્લામાં કોઇ ગેરકાયદે નાણાંકિય હેરાફેરી સામે આવી નથી.

**DATE: 30/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# ભરૂચના સરદારબ્રિજ પર ટ્રકમાં આગ, પોલીસની સતર્કતાથી હોનારત અટકી



ભરૂચ । ભરૂચના સરદારબ્રિજ પર એક ટ્રકમાં કોઈ કારણોસર આગ ફાટી નીકળી હતી. હાઈવે પર પેટ્રોલિંગ કરી રહેલી જિલ્લા ટ્રાફિકની ટીમને બનાવની જાણ થતાં તેઓ સ્થળ પર પહોંચી ગયાં હતાં અને પાણીની વ્યવસ્થા કરી આગ બુઝાવીને તેને વધુ ફેલાતી અટકાવી દીધી હતી. હાલ પડી રહેલી કાળઝાળ ગરમીના કારણે આગ લાગવાના બનાવો વધી રહયાં છે.

**DATE: 30/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-11**

# ભડકોદ્રા ગામે જુગાર રમતા પાંચ શકુની ઝડપાયા

અંકલેશ્વરઃ અંકલેશ્વર જી.આઇ.ડી.સી. પોલીસ પેટ્રોલિંગમાં હતી તે દરમ્યાન બાતમી મળી હતી કે ભડકોદ્રા ગામની સીમમાં દાળમીલવાળા રસ્તાથી અંદર શેરડીના ખેતરની પાછળ બાવળની ઝાડીમાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો પત્તા-પાનાનો જુગાર રમી રહ્યા છે. જેના આધારે રેઇડ કરતા માહિતીવાળી જગ્યાએથી પાંચ ઇસમોને રોકડા રૂ.૧૧,૦૨૦ તથા મોબાઈલ નંગ-૪ કિં. રૂ.૧૫૦૦૦ તથા મો.સા. નંગ-3 કિં.રૂ.૮૫,૦૦૦ મળી કુલ રૂ. ૧,૧૧,૦૨૦ના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા હતા. પોલીસે વિઠ્ઠલ છના રાઠવા, સુરજ હીરા મિસ્ત્રી, બલીન્દ્રસીંગ સુરજીતસીંગ સીકલીગર, ધવલ કનુ પરમાર તેમજ નીતેશસિંહ જીતસીંગ રાજપુતની અટકાયત કરી હતી.

**DATE: 30/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### ફૂટ પેટ્રોલિંગથી ગ્રામજનોમાં કૂતુહલ

# કાવી પોલીસ મથકની હદના ગામોમા પોલીસનું ફુટ પેટ્રોલિંગ



જંબુસર : આગામી લોક સભાની સામાન્ય ચુંટણીઓને અનુલક્ષીને કાવી પોલીસ મથકની હદના ગામોમા કાવીના પોલીસ સબ ઈન્સ્પેક્ટર વી.એ. આહીરની રાહબરી હેઠળ સીએપીએફ કંપનીના જવાનો તથા કાવી પોલીસ મથક ના સ્ટાફ ધ્વારા ફુટ પેટ્રોલિંગ તથા ફ્લેગ માર્ચનુ આયોજન કરવામા આવ્યુ હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે.

લોકસભાની સામાન્ય ચુંટણીઓને અનુલક્ષીને ચુંટણીઓ શાંતિપૂર્ણ માહોલમા સપન્ન થાય તે હેતુથી વહીવટીતંત્ર સતર્ક થઈ ગયુ છે.અને તે સંદર્ભે આજ રોજ સોમવારે કાવી પોલીસ મથકના પોલીસ સબ ઈન્સ્પેક્ટર વૈશાલી આહીરની રાહબરી હેઠળ પોલીસ મથક વિસ્તારના કાવી બીટ,થાણા બીટ તથા કોરા ઓ. પી. વિસ્તારના ગામોમા સીએપીએફ કંપનીના જવાનો તથા કાવી પોલીસ મથક ના સ્ટાફ સાથે એરિયા ડોમીનેશન / ફૂટ પેટ્રોલિંગ/ ફ્લેગ માર્ચ કરવામાં આવતા ગ્રામજનોમા કુતહલ સર્જાયુ હતુ.

**DATE: 01/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### એક લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરાયો

# અંકલેશ્વરના ભડકોદ્રા ગામે જુગાર રમતા પાંચ ઝડપાયા

। અંકલેશ્વર ।

અંકલેશ્વરમાંના ભડકોદ્રા ગામેથી એક લાખ ઉપરાંતના મુદ્દામાલ સાથે પાંચ જુગારીઓને પોલીસે ઝડપી જેલ ભેગા કર્યા હતા.

ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડા અને નાયબ પોલીસ અધિક્ષકડો. કુશલ ઓઝા તરફથી જીલ્લામાં પ્રોહી./જુગારની અસામાજિક પ્રવૃતિ ચલાવતા ઈસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા સુચના આપી હતી. જે અનુસંધાને પોલીસ ઈન્સપેક્ટર બી.એન.સગરના મારગદર્શન હેઠળ પો.સ.ઈ. એ.વી.શિયાળીયા પોલીસ સ્ટાફ સાથે અંકલેશ્વર જી.આઈ.ડી.સી પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન સાથેના સ્ટાફ્ને મળેલ બાતમી હકીકત આધારે ભડકોદ્રા ગામની સીમમાં દાળમીલવાળા રસ્તાથી અંદર શેરડીના ખેતરની પાછળ બાવળની ઝાડીમાં ખુલ્લી જગ્યા પર રેઈડ કરતા માહિતીવાળી જગ્યાએ પાંચ ઈસમો નામે વિઠ્ઠલભાઈ છનાભાઈ રાઠવા સુરજભાઈ હીરાભાઈ મિસ્ત્રી બલિન્દર સિંગ સુરજીતસિંગ સીકલીઞાર ધવલભાઈ કનુભાઈ પરમાર તેમજ નીતેશ સિંહ જીતસિંહ રાજપુત ના ઓને રોકડ રૂપિયા ૧૧,૦૨૦/- તથામોબાઈલ નંગ-૪ કિ.રૂ.૧૫૦૦૦/- તથા મો.સા. નંગ-૩ કિ.રૂ.૮૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૧,૦૨૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડ્યો હતો.

**DATE: 02/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### ભરૂચ પોલીસે નાઇટમાં કાર્યવાહી કરી હતી

# લાકડીના સપાટા લઈને ફરતા બે કાર ચાલક મળી ત્રણ સામે ગુનો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

લોકસભાની ચૂંટણીને લઈને ભરૂચ પોલીસ દ્વારા શહેર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ખાસ કોમ્બિંગ નાઈટનું આયોજન કરવામાં આવ્યું છે. દરમિયાનમાં પાંચબત્તી ખાતે વાહન ચેકિંગ વેળાં રેલવે સ્ટેશન તરફથી આવતી એક કારને રોકતાં તેમાં દિનેશ ઉર્ફે બબુલ અજીત પાટણવાડીયા (રહે. ઈન્દિરાનગર ઝૂપડપટ્ટી)ની પુછપરછ કરવા સાથે કારમાં તપાસ કરતાં ડેકીમાં લાકડાનો ડંડો મળી આવ્યો હતો. અરસામાં અન્ય એક કાર આવતાં તેને રોકી પુછપરછ કરતાં તેનું નામ યશ રાકેશ પટેલ (રહે. આનંદનગર, ગુ.હા. બોર્ડ) હોવાનું જણાયું હતું. તેની કારમાંથી પણ લાકડાનો ડંડો મળ્યો હતો. પોલીસે બન્નેની કાર જપ્ત કરી ગુનો નોંધ્યો હતો. બીજી તરફ એક ટીમે પેટ્રોલિંગ વેળાં દાંડિયાબજાર શાક માર્કેટ પાસેથી સંજય બુધા વસાવા ને ડંડો લઈને ફરતો હોઈ પુછપરછ કરતાં યોગ્ય જવાબ ન આપતાં તેની સામે કાર્યવાહી કરી હતી.

**DATE: 02/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-08**

### નેત્રંગ પોલીસે બે ટીમ બનાવી રાત્રીએ ઑપરેશન પાર પાડ્યું

# અંકલેશ્વરથી મહારાષ્ટ્ર કતલખાને લઈ જવાતી ૧૫ ગાયને પોલીસે બચાવી

### મોબાઈલ સહિત બે શખસને પકડી જેલભેગા કર્યા,એક વોન્ટેડ

। નેત્રંગ ।

નેત્રંગ પો.સ્ટેશનના પીએસઆઈ આર.આર ગોહિલ અને પો.કર્મીને અંકલેશ્વરથી એક ટાટા કંપનીની ટ્રક નંબર.૩૧.ટી.૨૫૭૩ માં ૧૫ જેટલી ગાય કતલખાને લઈ જવાની બાતમી મળતા પુરતા બે અલગ-અલગ ટીમો બનાવી નેત્રંગ તા.સેવાસદન પાસે વાહનચેકીંગની કામગીરી હાથ ધરી હતી.જે દરમ્યાન ટ્રક આવતા તેને રોકી તપાસ કરતાં ૧૫ ગાયો જેની કિંમત ૭૫,૦૦૦,એક ટાટા કપનીની ટ્રક જેની કિંમત



૧૦,૦૦,૦૦૦,મોબાઈલ નંગ-૨ જેની કિંમત ૧૦,૦૦૦ મળીને કુલ રૂ.૧૦,૮૫,૦૦૦ મુદ્દામાલ કબ્જે કર્યો હતો.જ્યારે સુભાનખાન છંછર રહે.પાટણ અને લક્ષ્મણરામ ખેત્તારામજી રહે.બાડમેરને પકડી જેલભેગા કરી દેવામાં આવ્યા હતા,અને જાવેદખાન પઠાણ રહે. સેલંબા વિરૂધ્ધ ગુનો નોંધી ધરપકડના ચક્રોગતિમાન કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે,ભરૂચ-નર્મદા અને સુરત સહિત દ.ગુજરાતમાં કોઈપણ ગુનાહિત પ્રવૃત્તિઓને આસાનીથી અંજામ આપવા નેત્રંગને એપીસેન્ટર ગણવામાં આવે છે.તેવા સંજોગામાં નેત્રંગ તાલુકામાં ગુનાહિત પ્રવૃત્તિઓ ઉપર અંકુશ રાખવા માટે પોલીસે પેટ્રોલીંગ વધારવું જોઈએ તેવી લોકમાંગ ઉઠી છે.

# અપહરણના ગુનામા સંડોવાયેલ આરોપી અને સગીરાને ઝડપી પાડતી પોલીસ

। ભરૂચ ।

ભરૂચ પંથકના એક વિસ્તારમાં રહેતી સગીરાનું કેટલાક સમય પહેલા એક વ્યકિત અપહરણ કરી તેને લઈ ગયો હતો જે અંગેની પોલીસ ફરિયાદ ભરૂચ સીટી પોલીસ એ.ડીવીઝન ખાતે નોંધવામાં આવી હતી. જે અંગેની તપાસ કરાતા પોલીસે મળેલ બાતમીના આધારે દાહોદ ખાતેથી ભોગ બનનાર અને આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે. ભરૂચ જિલ્લા પોલીસવડા મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ આ બનાવ અંગે તપાસ ચાલી રહી હતી તેમાં ફરિયાદમાં એમ જણાવાયુ હતુ કે, કોઈ વ્યકિત દ્વારા સગીરાનું અપહરણ કરવામાં આવ્યુ છે. જે અંગે ગંભીરતા લઈ એ.ડીવીઝન પીઆઈ વી.યુ.ગડરીયાએ તમામ સ્ટાફને કામે લગાડી હ્યુમન ઈન્ટેલીજન્સ અને ટેકનીકલ સર્વેલન્સના ઈનપુટના આધારે સંકેત મળતા પોલીસની એક ટીમ બનાવી દાહોદ મોકલવામાં આવી હતી. અપહરણ થનાર સગીરા અને અપહરણ કરનાર આરોપીને લઈ આવી વધુ તપાસ હાથ ધરેલ છે. આરોપી રીતેશ રમુભાઈ બારીયા રહે.વણભોઈ ગામ, તા.દાહોદને ઝડપી વધુ તપાસ અર્થે ભરૂચ ખાતે લઈ આવેલ છે.

**DATE: 02/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ટંકારિયા ખાતે રહેતાં મુખ્ય સૂત્રધારને પકડવાની પાલેજ પોલીસની કવાયત

# ટંકારિયાથી કતલ કરવાના ઈરાદે ટ્રકમાં લઈ જવાતી વસુકી 16 ભેંસોને પોલીસે બચાવી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના વરેડિયા ગામે રેલવે ફાટક પાસેથી પાલેજ પોલીસે એક ટ્રકને રોકી તલાશી લેતાં તેમાં બાખડી વસુકી ગયેલી 26 ભેંસો ભરેલી હોવાનું જણાયું હતું. પ્રાથમિક પુછપરછમાં માલુમ પડ્યું હતું કે. ટંકારિયાના શખ્સે પશુઓ કતલ કરવાના ઈરાદે ભરાવી આપ્યાં હતાં. જેના પગલે પોલીસે તમામ વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પાલેજ પોલીસની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, ટંકારિયા ગામેથી એક ટ્રકમાંથી બાખડી વસુકી ગયેલી ભેંસોને ભરીને અડોલ રોડ થઈ માલેગાવ મહારાષ્ટ્ર કતલખાને લઈ જવાના છે. જેના પગલે ટીમે વોચ ગોઠવી વરેડિયા ગામે રેલવે ફાટક પાસેથી એક ટ્રકને રોકી તલાસી લેતાં તેમાં 16 બાખડી વસુકી ભેંસોને ક્રૂરતાપુર્વક બાંધેલી મળી આવી હતી. પોલીસે ડ્રાઈવરનું નામ પુછતાં શરીફ નશરૂ મુલતાની તેમજ ક્લિનરનું નામ સમીર શબ્બીર મુલતાની ( બન્ને રહે. ઝંખવાવ, માંગરોલ) હોવાનું માલુમ પડયું હતું. તેણે પ્રાથમિક પુછપરછમાં માલુમ પડ્યું હતું કે, ટંકારિયા ગામે નવીનગરી વિસ્તારમાં રહેતાં ઉસ્માનગની ઉમટાએ તેના ઘરેથી કતલખાને કતલ કરવાના ઈરાદે લઈ જવા માટે ભેંસો ભરી આપી હતી. ભરૂચ ટોલનાકું પસાર કર્યાં બાદ ઉસ્માનગની ફોન કરી ભેંસો કોને સોંપવાની હતી તે વિશે જણાવવાનોહતો. પોલીસે એક ભેંસના 30 હજાર લેખે 4.80 લાખની 16 ભેંસ તેમજ ટ્રક સહિત મોબાઈલ મળી કુલ 12.91 લાખનો મુદ્દામાલ જપ્ત કરી તમામ વિરૂદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 02/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-08**

# હાંસોટના ઈલાવ ગામેથી જુગાર રમતા ચાર ઝડપાયા

હાંસોટ : હાંસોટ તાલુકાના ઈલાવ ગામે પત્તા પાના વડે જુગાર રમતાં ચાર જુગારીઓને પોલીસે ઝડપી પાડ્યા છે. ઈલાવ ગામે પાના પત્તાંનો જુગાર રમાય છે. તેવી બાતમી હાંસોટના પી.આઈ. કે.વી. લાકોડ ને મળતાં તેઓએ પોલીસના માણસોને લઈ બાતમી વાળી જગ્યાએ રેડ કરી હતી. જેમાં ઈલાવના રાઠોડ વાસ ની પાછળના ભાગે ચાર જુગારીઓ પાના પત્તાંનો જુગાર રમી રહ્યા હતા. ત્યાં રેડ દરમિયાન સંજય મગન વસાવા રહે. સાહોલ, કમલેશ નગીન રાઠોડ રહે. ઈલાવ, સુરેશ ચંદુ રાઠોડ રહે. ઈલાવ, ચેતન ગોમાન રાઠોડ રહે. ઈલાવ ને ઝડપી પાડી રૂ. ૧૦૨૬૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કાર્યવાહીમાં પી.એસ.આઈ. એન. આર. પરમાર તથા કોન્સ્ટેબલ ધર્મેશ - ભૂરાભાઈ - કિરણભાઈ - આશિષભાઈએ કાર્યવાહી કરી હતી.

**DATE: 02/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-02**

# ભરૂચમાં આઈપીએલની મેચ પર સટ્ટો રમાડતો શખ્સ ઝડપાયો

ભરૂચ,તા.૧

**ભરૂચ શહેરના ગોદી રોડ ખાતેથી આઈપીએલની મેચ પર સટ્ટો રમાડતા શખ્સને પોલીસે ઝડપી લીધો હતો. જ્યારે તેની સાથે સંકળાયેલા ભરૂચ શહેર ભાજપ કિસાન મોરચાના પ્રમુખને વોન્ટેડ જાહેર કર્યો છે.**

## સટ્ટા બેટીંગમાં સંકળાયેલા શહેર ભાજપ કિસાન મોરચાનો પ્રમુખ વોન્ટેડ

ભરૂચ એ ડિવિઝન પોલીસની ટીમ ગઈકાલે પેટ્રોલિંગમાં હતી. તે સમયે ગોદી રોડ સ્થિત રોશન ટેલર નામની દુકાનની પાસે મોપેડ ઉપર બેસેલો શખ્સ આઈપીએલની મુંબઈ અને લખનૌ વચ્ચેની મેચની ચિઠ્ઠીઓ નાંખી તથા મોબાઈલ ફોન ઉપર અન્ય વ્યક્તિઓ સાથે સટ્ટા બેટીંગનો જુગાર રમાડતો હોવાની બાતમી મળી હતી. જેના આધારે પોલીસની ટીમે ત્યાં પહોંચી જઈ બાતમીવાળા શખ્સને ઝડપી લઈ તેની પૂછપરછ કરતાં તેણે પોતાનું નામ સોહેલ વીરસિંહ રાણા (રહે. જલારામ મંદિર સામે, માછીવાડ, કસક, ભરૂચ) હોવાનું જણાવ્યું હતું. પોલીસની પૂછપરછમાં તેણે આ સટ્ટાના જુગારમાં પ્રયોશા ટ્રાવેલ્સનો સંચાલક જીગ્નેશભાઈ બ્રહ્મભટ્ટ પણ તેની સાથે જોડાયેલો હોવાનું જણાવતાં પોલીસે બંને સામે ગુનો દાખલ કરી જીગ્નેશ બ્રહ્મભટ્ટને વોન્ટેડ જાહેર કર્યો છે. તેમજ ઝડપાયેલા સોહેલ પાસેથી રોકડા રૂ.૨૦,૫૦૦ અને મોબાઈલ મળી કુલ રૂ.૮૦,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસની તપાસમાં વોન્ટેડ જીગ્નેશ બ્રહ્મભટ્ટ ભાજપનો ભરૂચ શહેર કિસાન મોરચાનો પ્રમુખ હોવાનું સામે આવ્યું હતું.

**DATE: 03/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**


# કેમિકલ વેસ્ટ કૌભાંડમાં ફરાર આરોપી ઝડપાયો

**અંકલેશ્વર**| ગત 9 જુલાઈના રોજ પાનોલી પરિવાર હોટલ કમ્પાઉન્ડમાંથી એલસીબી પોલીસે ટેન્કર ઝડપી પાડ્યું હતું. નકલી બિલ્ટી બનાવી આપનાર અને સમગ્ર મામલે માસ્ટર માઈન્ડ એવા મૂળ રાજસ્થાન અને અમદાવાદ રહેતા રવિન્દ્રસિંહ રાવત ઉર્ફે મારવાડી ને પોલીસે ઝડપી પાડ્યો હતોપાનોલી જીઆઈડીસી માં આવેલ અમર કેમિકલની નકલી બિલ્ટી રજૂ કરી કેમિકલ વેસ્ટના નિકાલનું કૌભાંડ ઝડપાયા બાદથી એક પછી એક આરોપીને ઝડપી લેવામાં આવી રહયાં છે.

**DATE: 03/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

# ઝઘડિયાના સંવેદનશીલ ગામોમાં પોલીસની ફ્લેગમાર્ચ

**ઝઘડિયા|** ખરચી, ઉટીયા,ગોવાલી પોલીસ અને સ્ટેટ ઓડીશા સશસ્ત્ર પોલીસ દળ ધ્વારા ફ્લેગ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. પી.આઈ. આર.એચ.વાળાના માર્ગદર્શન હેઠળ ફ્લેગ માર્ચમાં સ્ટેટ ઓડીશા સશસ્ત્ર પોલીસ દળના જવાનો પણ જોડાયાં હતાં. એરિયા ડોમિનેશન,ફુંટ પેટ્રોલિંગ ફ્લેગ માર્ચનું આયોજન કરીને ભૌગોલિક સ્થિતિની જાણકારી મેળવવામાં આવી હતી. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિનો નગરજનોને અહેસાસ થાય અને શાંતિપૂર્ણ રીતે લોકસભા ચુંટણી પૂર્ણ થાય તે માટે ફ્લેગમાર્ચ યોજાઈ હતી.



**DATE: 03/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### આમલાખાડી બ્રિજ પર ટ્રાફિકજામ કરાવી પોલીસે ઓપરેશન પાર પાડયું

# વલસાડથી સવારે 4 વાગ્યે બસ ચોરી ભાગેલો તસ્કર 7.30 વાગ્યે અંકલેશ્વરથી ઝડપાઇ ગયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

વલસાડમાંથી મળસ્કે 4 વાગ્યે સીબી હાઈસ્કૂલના મેદાનમાં પાર્ક કરેલી લકઝરી બસની ચોરી કરી ભાગેલો તસ્કર સવારે 7.30 વાગ્યે અંકલેશ્વરમાંથી ઝડપાઇ ગયો હતો. બસની ચોરી બાદ હાઈવે પર આવતાં જિલ્લાઓની પોલીસને સતર્ક કરવામાં આવી હતી. અંકલેશ્વર પોલીસે આમલાખાડી બ્રિજ પાસે ટ્રાફિકજામ કરીને તસ્કરને ઝડપી પાડી વલસાડ પોલીસના હવાલે કર્યો હતો.

અંકલેશ્વર માંથી પસાર થતા નેશનલ હાઈવે નંબર 48 પરગુરુવાર વહેલી સવારે ફિલ્મીદ્રશ્યો સામે આવ્યા હતા. પોલીસે બસ ચોરને પકડવા ટ્રાફિક જામ કરી તેને ઝડપી લેવાયો હતો.વલસાડ ખાતે આવેલ સી. બી. હાઈસ્કૂલ ગ્રાઉન્ડમાં એક લક્ઝરી બસ ચોરીને તસ્કર ભાગ્યો હતો. બનાવની જાણ થતાં વલસાડ પોલીસે બસના નંબર સાથે તમામ પોલીસ મથકોને એલર્ટ કરી દીધાં હતાં. ભરૂચ કંટ્રોલરૂમ પર વલસાડ પોલીસે આપેલી માહિતી બાદ પોલીસે હાઈવે પર નાકાબંધી કરી હતી. અંકલેશ્વર ટ્રાફિક પોલીસની ટીમે આમલાખાડી પાસે નાકાબંધી કરી દીધી હતી અને ટ્રાફિકજામ કરી તેમાં વલસાડથી લકઝરી ચોરી કરીને ભાગતાં તસ્કરને ઝડપી પાડયો હતો. પીએસઆઈ પરીખ તથા તેમની ટીમ બસને તસ્કર સહિત વાલિયા ચોકડી ખાતે લઈ આવી હતી. બસ ચોરીને ભાગેલાં તસ્કરની ઓળખ વ્યારાના કછવાવ ગામ ખાતે રહેતાં કીર્તિ ઈશ્વર ગામીત તરીકે થઈ હતી. તસ્કર ઝડપાયો હોવાની જાણ થતાં વલસાડ પોલીસની ટીમે આવી બસ અને તસ્કરનો કબજો મેળવ્યો હતો.

**DATE: 03/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### આજે રાજપારડી, ઉમલ્લા પોલીસ સ્ટેશનના કર્મીઓ મત આપશે

# ઝઘડિયામાં પોલીસ કર્મીઓએ પોસ્ટલ બેલેટથી મતાધિકારનો ઉપયોગ કર્યો

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

લોકસભાની ચૂંટણી સામાન્ય ચૂંટણીઓ મુક્ત અને ન્યાયિક વાતાવરણમાં યોજાય તે માટે ભરૂચ જિલ્લા ચૂંટણી અધિકારી ના નેતૃત્વ હેઠળ ચૂંટણી કામગીરીઓમાં રોકાયેલા અધિકારીઓ, પોલીસ વિભાગના કર્મચારીઓને પોસ્ટર બેલેટથી મતદાન કરવા માટે ભરવામાં આવેલા ફોર્મ તેમના સંબંધિત વિભાગના અધિકારીઓને સુપ્રત કરવામાં



આવ્યા હતા, જેના ભાગરૂપે આજરોજ લોકસભા ચૂંટણી ફરજ પર રોકાયેલા અધિકારી કર્મચારીઓ ઝઘડિયા સેવાસદન ખાતે ના કેમ્પસમાં ઊભા કરાયેલા આદર્શ મતદાન કેન્દ્ર પર બે દિવસ મતદાન પ્રક્રિયા હાથ ધરાશે. આજરોજ ઝઘડિયા વાલિયા નેત્રંગ તથા ઝઘડિયા જીઆઈડીસી પોલીસ સ્ટાફે પોસ્ટલ બેલેટથી મત આપી મતદાન પ્રક્રિયામાં સહભાગી થયા હતા, રાજપારડી ઉમલ્લા પોલીસ મથકના સ્ટાફ તથા એસઆરપીએફ શુક્રવારે પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે,

**DATE: 03/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### ચૂંટણી દરમિયાન કાયદો-વ્યવસ્થા જાળવવા કવાયત

# લીસ્ટેડ બૂટલેગરને પાસા હેઠળ અમદાવાદ જેલ મોકલી અપાયો

ભરૂચ

ભરૂચ સીટી એ.ડીવીઝન પોલીસ દ્વારા લોકસભાની ચુંટણી ટાંણે લીસ્ટેડ બુટલેગર નવાબ ઉર્ફે નબુ ઈમરાનશા કરીશમા દિવાનને પાસા હેઠળ ઝડપી તેને અમદાવાદ જેલ ખાતે મોકલી આપવામાં આવેલ છે.

ભરૂચ નગર અને આસપાસના વિસ્તારોમાં દારૂની હેરાફેરી અને વેચાણ માટે કુખ્યાત બનેલ લીસ્ટેડ બુટલેગર નવાબ ઉર્ફે નબુ ઈમરાનશા કરીશમા દિવાન અંગે ભરૂચ સીટી એ.ડીવીઝન પોલીસ દ્વારા પાસાના પેપર તૈયાર કરવામાં આવ્યા હતા. જે પેપરને મા.મેજીસ્ટ્રેટે માન્ય રાખતા બુટલેગરને ભરૂચ ખાતે ઝડપી તેને અમદાવાદ ખાતેની જેલમાં મોકલી આપવામાં આવેલ છે. અત્રે નોંધવુ રહ્યુ કે, લોકસભાની ચુંટણી ટાંણે ભરૂચ જિલ્લામાંથી લીસ્ટેડ બુટલેગર ઉપરાંત મારામારી અને અન્ય ગુનાઓમાં સામેલ એવા રીઢા ગુનેગારોને ભરૂચ જિલ્લા પોલીસવડા મયુર ચાવડાની સુચના હેઠળ ઝડપી તેમની સામે કાર્યવાહી કરીને પાસા હેઠળ ઝડપવામાં આવેલ છે કે જેનાથી ચુંટણીના દિવસો દરમ્યાન ભરૂચ પંથકમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાયેલી રહે.

**DATE: 04/05/2024 CATEGORY: GREEN E-PAPER DIVYABHASKAR PAGE-04**

### સંજયનગરમાં રમતી વેળા શ્વાન ભસતાં ભાગ્યો હતો

# અંકલેશ્વરમાં યુપીથી આવેલું બાળક જતું રહેતાં દોડધામ મચી

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેરનાત્રણ રસ્તા સર્કલ પાસે આવેલ સંજય નગર ખાતે રહેતા સોના યાદવ ના ઘરે ઉત્તર પ્રદેશથી તેનો ભાઈ લક્ષ્મણસિંહ પરિવાર સાથે વેકેશન કરવા આવ્યો હતો. લક્ષ્મણસિંહનો 6 વર્ષ નો પુત્ર અનીષ આજરોજ સવારે પોતાની માસીની દીકરા જોડે ઘર બહાર રમી રહ્યો હતો.

દરમિયાન શ્વાન ભસતાતે ત્યાંથીભાગ્યો અને ઘર ભૂલો પડી ગયો હતો. અને રડતા રડતા અર્ધા કિમીદૂર જિનવાલા સ્કૂલ સુધી પહોંચી ગયો હતો. ત્યાંરડતો રડતો બેઠો હતો. જે ઈવીએમ સેન્ટર બહાર ફરજ પરના જવાન વિનોદભાઈની નજરે પડતા તે બાળક પાસે પહોંચી તેને સાંત્વના આપી પૂછપરછ કરી પણ બાળક જવાબ ના અપાતા અંતે શહેર પોલીસ મથકે જાણ કરી હતી. દરમિયાન બાળક ના પરિવારજનો પણ બાળક ને શોધતા શોધતા પોલીસ મથકે પહોંચી ગયા હતાં. બીજી તરફ પોલીસ જવાનો પણ બાળક સાથે પોલીસ સ્ટેશન આવી પહોંચતાં બાળક અને પરિવારનું મિલન થયું હતું.

**DATE: 04/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# ધાડના ગુનામાં પાંચ મહિનાથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

નેત્રંગ તા.૩

નેત્રંગ પોલીસ સ્ટેશનના પીએસઆઈ તેમજ સ્ટાફ દ્વારા ભરૂચ જીલ્લાના તથા પોલીસ સ્ટેશન વિસ્તારના નાસતા ફરતા આરોપીઓની માહીતી એકત્ર કરીને તેમને ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.



જે દરમિયાન નેત્રંગ પોલીસે બાતમીના આધારે ઝઘડિયા તાલુકાના ઉમલ્લા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ધાડના ગુનામાં છેલ્લા પાંચ માસથી નાસતો ફરતો આરોપી ગીરીશ જેસીંગભાઈ વસાવા રહે.નિશાળ ફળિયુ, ગામ વાંકોલ,તા.નેત્રંગ જિ.ભરૂચના મહારાષ્ટ્ર ખાતેથી મોટરસાયકલ ઉપર ગામમાં આવેલો છે.તેના ઘરની પાછળ એક ખુલ્લા ખેતરમાં આવેલા વૃક્ષ નીચે બેઠો છે. પોલીસે સ્થળે જઈ આરોપી ગીરીશ જેસીંગભાઈ વસાવાને ઝડપી લીધો હતો.પોલીસે ઝડપાયેલા ઈસમ પાસેથી મોબાઈલ નંગ ૧ રૂ.૫૦૦૦ નો મુદ્દામાલ કબજે લીધો હતો.

**DATE: 05/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# નર્મદા કિનારે દારૂ વેચતો બૂટલેગર ઝબ્બે

ભરૂચ । ભરૂચના ગોલ્ડન બ્રીજ નીચે નર્મદા નદી કિનારે બાવળની ઝાડીમાં દારૂ સંતાડી વિશાલ ઉર્ફે હોઠ ફાટલો ઠાકોર પરમાર વેચાણ કરે છે. જેના આધારે પોલીસે સ્થળ પર દરોડો પાડી અલગ અલગ બ્રાન્ડની કુલ 31 હજારની મત્તાની 107 નંગ વિદેશી દારૂની બોટલ જપ્ત કરી હતી. પોલીસે ઝડપાયેલાં વિશાલની પુછપરછ કરતાં તેને જીતુ ખત્રી વેચાણ કરવા માટે દારૂ આપી જતો હોવાનું કબુલતાં ટીમે તેને વોન્ટેડ જાહેર કરી બન્ને સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 05/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### હાઇવે પર ગુલશન બેરલ પર એસઓજીના દરોડામાં 1,500 બેરલ કબજે લેવાયાં

# અંકલેશ્વરમાં ગોડાઉનમાં કેમિકલવાળા બેરલ ધોવાનું કૌભાંડ, એક ભંગારીયાની અટકાયત

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એસ.ઓજીની ટીમ તાપી હોટલ નજીકગુલશન બેરલ નામના ભંગારના ગોડાઉન 1500 બેરલ મળી આવ્યા હતાં.પોલીસની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમાંહતી તે દરમિયાન ચોક્કસ માહિતી આધારે તાપી હોટલ નજીક ગુલશન બેરલ નામના પ્લાસ્ટિક ભંગાર ના ગોડાઉનમાં દરોડો પાડી તપાસ



આદરી હતી. પોલીસની તપાસમાં ગોડાઉનમાં બેરલોની સફાઇ કરવામાં આવતી હોવાનું જણાયું હતું. ગોડાઉનના માલિક મહંમદ આમિર ચૌધરી પાસે બેરેલ ધોવા તથા વેચાણ માટે સક્ષમ અધિકારીની પરવાનગી અંગે પૂછવામાં આવતાં તે ગલ્લાતલ્લા કરવા લાગ્યો હતો. બનાવની જાણ થતાં જીપીસીબીની ટીમ દોડી આવી હતી અને નમૂના લીધા હતાં.

જીપીસીબીએ પણ આવી કોઇ પરવાનગી આપી ન હોવાનું જણાવતાં ગોડાઉનના માલિકની અટકાયત કરવામાં આવી હતી. 1500 બેરલ સીઝ કરી આ અંગે જીઆઇડીસી પોલીસ મથકે પર્યાવરણ સુરક્ષા અધિનિયમ 1986 ની કલમ 7,8,15 મુજબ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી.

**DATE: 05/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

પોલીસને નાઈટ પેટ્રોલીંગ દરમિયાન બાતમી મળી હતી

# જંબુસરમાં જુમ્મા મસ્જિદ વિસ્તારના ઘરમાં જુગાર રમતા આઠ ઝડપાયા

## પોલીસે રોકડ સહિત કુલ ૪૨ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો

। જંબુસર ।



જંબુસર પોલીસ પેટ્રોલીંગમાં હતી તે સમયે પોલીસને બાતમી મળી હતી. આ બાતમીના આધારે જંબુસરના જુમ્મા મસ્જિદ વિસ્તારમાં આવેલ રહેણાંક મકાનમાં છાપો મારતા જુગાર રમતા આઠ શખસને રોકડ રકમ તથા મોબાઈલ સહિત કુલ રૂ. ૪૨૯૨૦ના મુદ્દામાલ સાથે દબોચી લીધા હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે.

જંબુસર પોલીસ નાઈટ પેટ્રોલિંગમા નીકળી હતી તે દરમિયાન બાતમી મળી હતી કે નગરના જુમ્મા મસ્જિદ વિસ્તારમા રહેતા યુસુફ ઈમામ શેખ તેઓના રહેણાંક મકાનમા પોતાના અંગત મળતીયા માણસોને બોલાવી પત્તા પાના વડે હાર જીતનો જુગાર રમી રહ્યા છે. બાતમીદારની બાતમીના આધારે પોલીસે જુમ્મા મસ્જિદ વિસ્તારમા આવેલ યુસુફ શેખના રહેણાંક મકાનમા છાપો મારતા જુગાર રમતા યુસુફ ઈમામ અહેમદ શેખ ઉ.વ.૪૨ ઈમરાન ઐયુબ મહમંદ પટેલ ઉ.વ.૪૦ સઈદખાન ઉર્ફે લાલો સમસેરખાન હુશેન ખાન પઠાણ ઉ.વ.૫૪,ઐયુબ ઉર્ફે જેબુ અબ્દુલ હમીદ મલેક ઉ.વ.૩૫, સલીમ અલી ગુલામ પટેલ ઉ.વ.૬૧, મોહમદ શફી ગુલામ હુસેન કુરેશી ઉ.વ. ૫૦,નજીર મહમંદ ફારુક શેખ ઉ.વ.૫૫,ઈકબાલ અબ્બાશ રહીમ શેખ ઉ.વ.૫૪ તમામ રહે.જંબુસર ના ઓ રંગે હાથ ઝડપાઈ જતા પોલીસે તેઓ ને દબોચી લઈ અંગ ઝડતી દરમિયાન રોકડા રૂપિયા ૫૫૭૦ તથા દાવ ઉપરના રોકડા રૂપિયા ૭૮૫૦ તથા મોબાઈલ નંબર ૮ કિ. રૂ.૨૯૫૦૦ મળી કુલ્લે કિ. રૂ ૪૨૯૨૦ નો મુદ્દામાલ કબજે કરી જુગારધારા અન્વયે કાર્યવાહી હાથ ધરી છે.

તૃતિય વાર્ષિક પુણ્યતિથિએ